# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

**પ્રથમ વર્ષ કોમર્સ (B.Com. Sem-I) ગ્રાન્ટેબલ / સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૧ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે B.Com.Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | Dt. 05-08-2021 to 18-08-2021 |

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmsclpc.org પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. કોમ્પ્યુટર વિષય પસંદ કરનાર વિદ્યાર્થીએ કોલેજની કુલ ફી ઉપરાંત વધારાના રૂા.૫૦૦/– કોલેજ માં ફી પેટે જમા કરાવવાના રહેશે.

૩. ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. દરેકની પ્રવેશ યાદી પણ અલગ–અલગ પ્રસિધ્ધ થશે.
દરેક વિદ્યાર્થી કુલ ચાર ફોર્મ ભરી શકશે.(જરૂરીયાત અને ઈચ્છા મુજબ)
(૧) ગ્રાન્ટ ઈન એઈડ અંગ્રેજી માધ્યમ (૨) ગ્રાન્ટ ઈન એઈડ ગુજરાતી માધ્યમ
(૩) સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ અને (૪) સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ

૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી.

૫. જો ગ્રાન્ટ ઈન એઈડ માં પ્રવેશ મળશે તો સ્વનિર્ભર માંથી પ્રવેશ રદ કરાવવાનો રહેશે. ત્યારબાદ **ગ્રાન્ટ ઈન એઈડ ની ફી ભર્યા બાદ સ્વનિર્ભર વર્ગની ફી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.**

Grant in aid fees for Boys: Rs.1770/-
Grant in aid fees for Girls: Rs. 1170/-
Self-Finance fees: Rs. 6670/- (for both Girls and Boys)

✓ **Seat Matric**:
– Commerce Granted English 2 Division (326 Seat)
– Commerce Granted Gujarati 2 Division (326 Seat)
– Commerce Self finance Gujarati 1 Division (163 Seat)
– Commerce Self finance English 1 Division (163 Seat)

૬. પાલનપુર તાલુકાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો બંનેના મેરીટમાં ૧૫ ગુણ ઉમેરવામાં આવશે. તથા દરેક બહેનોને ૧૦ ગુણ તેમના મેરીટમાં ઉમેરી આપવામાં આવશે.
દા.ત. પાલનપુરની વિદ્યાર્થીની હશે તો તાલુકાના ૧૫ ગુણ તથા કન્યાના ૧૦ ગુણ એમ કુલ ૨૫ ગુણ મળવાપાત્ર રહેશે.

૭. મેરીટ માટે થીયરીના કુલ ૭૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૭૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે. કોમ્પ્યુટર વિષયના પ્રેકિટકલ ગુણ મેરિટની ગણતરીમાં ધ્યાને લેવાશે નહી.

R. R. M.S.C. C.L. P. COM. COLLEGE *PALANPUR*

૮. ધોરણ–૧૨ ના મુખ્ય વિષયો નામાના મૂળતત્વો, વાણિજય વ્યવસ્થા (બે માંથી કોઈ પણ એક) અને અર્થશાસ્ત્ર, ધંધાકીય ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને બેંકીંગ (ચાર માંથી કોઈ પણ એક) વિષય રાખેલ હોવો જોઈએ.

૯. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૧૦. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૧૧. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિધાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી તથા પ્રવેશ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૧૨. વિધાર્થી પ્રવેશ મળેથી મેસેજ કે ફોન થી જાણ કરાશે. તે નિયત ફી ઓનલાઈન ભરી શકશે. વધુ માહિતી માટે કોલેજ પ્રોસ્પેકટ્સ જોવું. જે વેબસાઈટ www.rrmsclpc.org પર મૂકેલ છે.

૧૩. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિધાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ દ્વારા જયારે જાણ કરવામાં આવે ત્યારે રીપોર્ટીંગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.

 ૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની માર્કસીટની પ્રમાણિત નકલ.
 ૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો.
 ૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
 ૪. પછાતવર્ગના વિધાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
 ૫. બક્ષીપંચના વિધાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
 ૬. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિધાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
 ૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
 ૮. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
 ૯. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
 ૧૦. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.

 અનામત બેઠકોમાં આવતા વિધાર્થીઓએ જાતિનો દાખલો તથા અન્ય જરૂરી સર્ટિફિકેટ અપલોડ કરવાના રહેશે.

૧૪. જો તમારા અસલ ડોકયુમેન્ટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ (ખોટી વિગતો /અધુરી માહિતી) માલુમ પડે તો પ્રવેશ આપોઆપ રદ થવા પાત્ર રહેશે અને ભરેલી ફી પરત મળશે નહી.

૧૫. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૧ પહેલાં પાસ કરી હોય અને વિધાર્થીઓએ આ યુનિવર્સિટીમાં વિધાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિધાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૬. <u>અનામત બેઠકોની ફાળવણી:–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

૧. અનુસુચિત જાતિ માટે – ૭%    ૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%

૩. બક્ષીપંચ માટે–૨૭%    ૪. EWS–૧૦%

૫. શારીરિક વિકલાંગ માટે–૩%

R.M.S.C.C.L.P. COM. COLLEGE * PALANPUR *

૧૭. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. પછાત વર્ગના અનુસુચિત જન જાતિ ( S.T. ) વિધાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી બાબતના લાભ મળશે. વિધાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો. આધારકાર્ડની નકલ ઉપર અચૂક વિદ્યાર્થીએ સહી કરવી.

૧૮. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૧૯. માર્ગદર્શન મેળવવા હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવો.
(૧) ડૉ.હરેશ આઈ.પ્રજાપતિ મો. **9824339518**
(૨) પ્રા. વિજય આઈ.પરમાર મો. **9408112019**
(૩) પ્રા. જયોતિ બી.ઠકકર મો. **9924988101**

૨૦. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિધાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૨૧. પ્રવેશ મેળવનાર વિધાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૨૨. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૨૩. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૨૪. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૧:૩૦ થી ૦૫:૦૦ કલાકનો રહેશે.

૨૫. પ્રવેશની કામગીરી યુનિવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

૨૬. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરનાર દરેક વ્યકિતએ કોરોના ગાઈડલાઈન (SOP)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૭. કોલેજ કેમ્પસમાં પ્રવેશ મેળવનાર વ્યકિતએ માસ્ક અચૂક પહેરવાનું રહેશે અન્યથા નિયમ અનુસાર દંડ વસુલવામાં આવશે.

૨૮. કોલેજમાં આપેલ મોબાઈલ નંબર બદલાય તો કોલેજને અચૂક જાણ કરવી અને એક કરતા વધુ મોબાઈલ નંબર લખવા.

૨૯. જયા સુધી કોલેજમાં ડોકયુમેન્ટ જમા કરાવો નહીં ત્યા સુધી પ્રવેશ કામચલાઉ પ્રવેશ ગણાશે.

કન્વીનર
**પ્રોફે. એસ.એન.જયસ્વાલ**
**(કોમર્સ એડમીશન કમિટી)**

આચાર્ય
**ડૉ.વાય.બી.ડબગર**
**(૦૨૭૪૨–૨૫૯૯૫૭)**

R. R. M. C. C. L. P. COM. COLLEGE * PALANPUR *

\\Rrmsclpc02adjsm\2012-13\ADDMISSION FORM\Admission Niyam Commerce 2021 22.doc

# B.Com. Sem.I New Admission Schedule for Academic Year-2021-22

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 21/08/2021 |
| ૨ | ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | 25/08/2021 |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 31/08/2021 |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | 04/09/2021 |
| ૫ | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 07/09/2021 |
| ૬ | ત્રીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | 10/09/2021 |

નોંધ:

(૧) જરૂર પડશે તો ચોથી મેરીટ યાદી ઓનલાઈન કોલેજની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે તો વિદ્યાર્થી મિત્રોએ વેબસાઈટ જોતાં રહેવું.

(૨) રીપોર્ટીંગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

તારીખ : ૦૪/૦૮/૨૦૨૧

સ્થળ : પાલનપુર

પ્રો. એસ. જયસ્વાલ

કો–ઓર્ડીનેટર એન્ડ કન્વીનર
પ્રોફે. એસ.એન.જયસ્વાલ
(કોમર્સ એડમીશન કમિટી)

આચાર્ય
ડૉ.વાય.બી.ડબગર
(૦૨૭૪૨–૨૫૯૯૫૭)

R. R. M.S.C.C.L.P. COM. COLLEGE * PALANPUR *